# શહેરમાં ડેન્ગ્યુનો અજગરી ભરડો

## શહેરમાં વરસાદ બાદ વધતી ગંદકીના પગલે એક સપ્તાહમાં ૧૨૦ ડેન્ગ્યુના કેસ નોંધાયા : સરકારી અને ખાનગી હોસ્પિટલો હાઉસફુલ : ડોક્ટરો અને પેથોલોજી લેબોરેટરી દર્દીઓથી ઉભરાય છે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારમાં ડેન્ગ્યુએ અજગરી ભરડો લીધો છે. દિન પ્રતિદિન શહેરમાં ડેન્ગ્યુનો કહેર વધી રહ્યો છે. શહેરના ખાનગી દવાખાના મોડીરાત સુધી ધમધમે છે, દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે. ત્યારે ગાંધીનગર સિવિલની ઓપીડીમાં પણ દર્દીઓની લાંબી લાઈનો લાગે છે. શહેરમાં હાલ રોગચાળાની સિઝન ચાલી રહી છે. વાયરલ ફીવરની સાથે ડેન્ગ્યુના કેસ વધુ માત્રામાં જોવા મળી રહ્યા છે. ગાંધીનગર સિવિલમાં છેલ્લા એક સપ્તાહમાં ડેન્ગ્યુના ૧૧૫ જેટલા કેસ સામે આવ્યા છે. જયારે મેલેરીયા, ટાઈફોઈડ, ચિકનગુનીયા, કમળો, ઝાડા-ઉલ્ટી, તાવ, શરદી-ખાસીના દર્દીઓ નહીંવત જોવા મળી રહ્યા છે. શહેરની ખાનગી લેબમાં થતા ટેસ્ટમાંથી ૨૦ થી ૩૦ ટકા દર્દીઓના રીપોર્ટ ડેન્ગ્યુ પોઝીટીવ આવતું ધ્યાને આવ્યું છે. નગરની ખાનગી હોસ્પિટલમાં પણ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. શહેરમાં બેવડી રૂતુનો અનુભવ થઈ રહ્યો છે. બપોરે ગરમી તો સાંજે ઠંડીનો ચમકારો ગાંધીનગરાઓ અનુભવી રહ્યા છે. જેને પગલે શહેરમાં વાઈરલ બિમારી સહિત ડેન્ગ્યુના કેસ નોંધપાત્ર વધી રહ્યા છે. ડેન્ગ્યુના વધતા કેસને પગલે આરોગ્ય તંત્ર પણ ચિંતાગ્રસ્ત બની ગયું છે. શહેરની સિવિલમાં ગત અઠવાડીયમાં ડેન્ગ્યુના ૧૧૫ જેટલા કેસ નોંધાયા છે. જેને પગલે તંત્રની ટીમ ડેન્ગ્યુને કાબુમાં કરવા માટે કામે લાગી ગઈ છે.



### શહેરમાં ‘‘પપૈયાના પાન’’ની બોલબાલા

શહેરમાં ફેલાયેલા ડેન્ગ્યુ વાવરને પગલે પપૈયાના પાનની માંગમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે. ડેન્ગ્યુના રોગમાં દર્દીના શરીરમાંથી ખૂબ ઝડપથી ‘‘પ્લેટલેટ્સ’’ ઘટી જાય છે જેના કારણે તેની રોગ પ્રતિકારક શક્તિ તદ્દન નબળી પડી જાય છે. પપૈયાના પાનનો રસ પાણી વગર પથ્થર વડે પીસીને દર્દીને નિયમિત પીવડાવવામાં આવે તો જેટલી ઝડપથી પ્લેટલેટ્સ ઘટ્યાં હોય તેનાથી વધુ ઝડપે વધવા માંડે છે. આ કારણે શહેરમાં પપૈયાના પાનને શોધતા નાગરિકોની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જોવા મળી રહી છે. શહેરમાં અસંખ્ય નાગરિકો દ્વારા પોતાના બગીચા કે વાડામાં પપૈયાના ઝાડ ઉગાડેલા છે તેમના ઘરે અત્યારે પપૈયાના પાન માંગનારાઓનો ઘસારો વધી જવા પામ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૨૧માં અકસ્માતે ફાયરીંગ થતાં એકને ઈજા

## સેક્ટર-૨૧ વિશ્વકર્મા શોપીંગ સેન્ટર સ્થિત ઓફીસમાં અકસ્માતે ટ્રીગર દબાઈ જતા ગોળીબારથી સામે બેઠલ મિત્રને ગંભીર ઈજા



ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેકટર-૨૧માં ભર બપોરે ગોળીબારની ઘટના બનતા હોહા મચી ગઈ હતી. સેકટર-૨૧ વિશ્વકર્મા શોંપીગ સેન્ટરમાં આવેલી ઓફિસમાં ગોળીબારની ઘટનામાં એક યુવકને ગંભીર ઈજા પહોંચતા તાત્કાલીક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. મિત્રને પોતાની રિવોલ્વર બતાવતા સમયે લોક કરવા જતા અકસ્માતે ટ્રીગર દબાઈ જતા સામે બેઠેલા મિત્રને ગોળી વાગી હતી. જયારે ગોળીબારની ઘટનાની ગંભીરતાને લઈ જિલ્લા પોલીસ વડા ખુદ સેકટર-૨૧ ખાતે દોડી આવ્યા હતા અને સ્થળ નિરીક્ષણ કરીને અધિકારીઓને જરુરી સુચના આપી હતી. જયારે બનાવને પગલે નાગરીકો પણ મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૧ સ્થિત વિશ્વકર્મા શોંપીગ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના માર્ગોની તાકિદે મરામત કરો : મેયર

## ચોમાસાથી શહેરના માર્ગોને થયેલી નુકશાનીનું મરામત ગુણવત્તા સાથે કરાવવા મેયરની મુખ્ય ઈજનેર સમક્ષ માંગ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં ચોમાસાથી માર્ગોને થયેલા નુકશાન અંગે ઝડપથી ગુણવત્તાસભર કામગીરી હાથ ધરવામાં આવે તેવી માંગ સાથે મનપાના મેયર રીટાબેન પટેલે મુખ્ય ઈજનેરને એક પત્ર પાઠવ્યો છે.

શ્રીમતિ પટેલે આ પત્રમાં જણાવ્યું છે કે પાટનગર યોજનાના અલગ અલગ વિભાગો દ્વારા છેલ્લા ૩ વર્ષમાં ઘણા સેકટરોના આંતરિક રસ્તાઓનું ડામરકામ તેમજ મુખ્ય રસ્તાઓના રિસફલીંગની કામગીરી કરવામાં આવી છે. આ કામો માટે સરકાર ઉપરાંત મનપા દ્વારા રૂ. ૧૫ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવેલ છે.



ટેન્ડરોમાં કરાયેલ જોગવાઈ મુજબ ૩ વર્ષ સુધી તે સપાટી જળવાઈ રહેવી જોઈએ અને આમ ન થાય તો જે તે એજન્સીએ તેના ખર્ચે જોખમે આ કામગીરી કરવાની રહે છે.

આ બાબતે આપ અંગત રીતે ધ્યાન આપી અને રિસફરેલીંગ તેમજ ડામરનું કામકાજ ઝડપથી હાથ ધરશો એટલુ જ નહિ આ કામોમાં ગુણવત્તા જળવાય તેના પર પણ ધ્યાન આપશો.

દરમ્યાન રાજ્ય સરકારે ૮ મહાનગરોને માર્ગ-મરામત માટે ખાસ ફંડ ફાળવી આપેલ છે જેને લઈ મેયરે આ પત્ર પાઠવ્યો હોવાની વાતો પણ ચર્ચામાં આવી છે. મનપા પાસે સ્વચ્છતા સિવાયની સેવા નથી ત્યારે માર્ગ-મકાનના પાટનગર યોજના પ્રભાગને જ આ રજુઆત કરવાની હોવાથી મેયરે રજુઆત કરી હોવાનું પણ જાણવા મળેલ છે.

જોકે પાટનગર યોજનાએ વાયબ્રન્ટ પહેલાં સેકટરોના આંતરિક માર્ગોનું કામ હાથ ધર્યુ હતુ પણ ઘણા બધા સેક્ટોરમાં આ કામગીરી છોડી દેવામાં આવી હતી તેનો ઉલ્લેખ પત્રમાં નહિ કરાયો હોવાથી તે મુદ્દો પણ લોકજીભે ચર્ચાનો મુદ્દો બન્યો છે.

સરકાર દ્વારા ફાળવવામાં આવેલી નવી ગ્રાન્ટમાંથી કયા સેક્ટરોમાં રસ્તાઓના મરામતનુ કામ હાથ ધરવામાં આવશે તે અંગે મેયરે સેવેલા મૌન અંગે પણ ચર્ચાઓ લોકજીભે થતી સાંભળવા મળી છે. આ ઉપરાંત આંતરિક રસ્તાઓની સફાઈના અભાવે જે ધૂળ રોડ પર જામી ગઈ છે તેના માટે જવાબદાર કોને ગણવા તે અંગે પણ ખૂણે ખાંચરે ચર્ચાઓ શરૂ થઈ છે.

# શહેરના સરકારી આવાસો ખાલી કરાવવા તંત્રએ નોટીસો ફટકારી

ગાંધીનગર તા ૧૦

શહેરના સેકટરોમાં સ્થિત ભયજનક અને જોખમી આવાસો તોડવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. સેકટરોમાં જુના આવાસોના સ્થાને નવા આવાસો બનાવવા માટે પણ આગામી દિવસોમાં સ્થળ પસંદગી કરવામાં આવશે જયારે હાલ તંત્ર દ્વારા આવાસ ખાલી કરાવવા માટે રહીશોને નોટીસ આપવામાં આવી રહી છે.

શહેર અસ્તિત્વમાં આવ્યા ત્યારથી સેકટરોમાં વિવિધ કક્ષાના સરકારી આવાસોમાં કર્મચારીઓ વસવાટ કરી રહ્યા છે. સેકટરોમાં

## ભયનજક આવાસો તોડવાનું નક્કી કર્યા બાદ રહીશનો મકાન ખાલી કરાવવાની પ્રક્રિયા જટિલ

સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી મકાનો પૈકી મોટાભાગના આવાસો વર્ષોના અંતે રહેણાંકને લાયક રહ્યા નથી. જયારે જુના અને જર્જરિત મકાનોમાંથી પોપડા ખરવાની સાથે અનેક ફરિયાદો રહીશો માટે હાલાકીનુ કારણ બની છે. જેના લીધે માર્ગ મકાન વિભાગ દ્વારા તબક્કાવાર ભયજનક આવાસો તોડીને નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. સેકટરોમાં તબક્કાવાર આવાસો તોડવા માટે તંત્ર દ્વારા કરાયેલી દરખાસ્તને મંજુરી આપવામાં આવી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# કોટેશ્વર ગામની ગ્રામસભામાં વાહકજન્ય રોગચાળા સામે ચિંતા

## જિલ્લા વિકાસ અધિકારીએ ગાંધીનગર આવી તાબડતોબ મેલેરિયાની ટીમ મોકલી તેમજ પરિસ્થિતિ અંગે આરોગ્ય અધિકારી સાથે સમીક્ષા કરી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર તાલુકાના કોટેશ્વર ગામની ગ્રામસભામાં મેલેરિયા-ડેન્ગ્યુના મચ્છરોનો મુદ્દો એટલા જોરથી ઉદ્ભવ્યો હતો કે જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે ગણત્રીના કલાકોમાં જ મેલેરિયાની ટીમને ગામમાં ઉતારી દેવી પડી હતી.

જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલની વિશેષ ઉપસ્થિતિમાં ગ્રામસભા અભિયાન અંતર્ગત કોટેશ્વર ખાતે આજે ગ્રામસભા યોજાઈ હતી. જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ મચ્છરોની વધતી જતી ડેનસીટી તેમજ તંત્ર દ્વારા છેવાડાનું ગામ હોઈ કરાતી અનદેખીને લઈ ઉગ્ર રજુઆતો થઈ હતી. અમદાવાદની નજીકનું ગામ હોવાથી અહિ વાહકજન્ય રોગચાળાના કેસોની સંખ્યા પણ વધુ હોવાની રજુઆત ગ્રામજનોએ કરી હતી.

જિલ્લા વિકાસ અધિકારી રાવલે ગાંધીનગર પહોંચી તાત્કાલિક મેલેરિયાની ટીમ રવાના કરી હતી અને જરૂર હોય ત્યાં તાત્કાલિક ફોગીંગની કામગીરી કરવાની સૂચના આપી હતી.

જિલ્લા વિકાસ અધિકારી રાવલે જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. સોલંકી સાથે

● અનુસંધાન પાન-૭ પર



વરસાદના છેલ્લા રાઉન્ડ દરમ્યાન શહેરમાં જોરદાર વાવાઝોડુ ફુંકાયુ હતુ. આ વાવાઝોડાના કારણે શહેરમાં સંખ્યાબંધ વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. હજુ પણ ઠેર ઠેર ઘણા વૃક્ષોની ડાળીઓ જોખમરૂપ લટકી રહી છે.

# સે-૩૦માં બી-કક્ષાના ૩૩૬ નવા આવાસોનુ ટૂંકમાં લોકાર્પણ

## ગેસ લાઇનના જોડાણની કામગીરીમાં વિલંબ થતા નવા આવાસો હજુ કર્મચારીઓને ફાળવી શકાયા નથી : ટુંકમાં કામગીરી પણ પુર્ણ થઇ જશે

ગાંધીનગર તા ૧૦

શહેરના સે- ૩૦ માં બી કક્ષાના સરકારી આવાસોનુ કામ પુર્ણ થઈ ગયુ છે. સેકટરમાં બી કક્ષાના નવા ૩૩૬ મકાનો તૈયાર કરી દેવાયા છે. જયારે આ આવાસોનુ ટુંકમાં જ લોકાર્પણ કરાશે. સે-૨૯ માં નવા આવાસો તૈયાર કરી દેવાયા બાદ હાલ સેકટરના નવા આવાસોમાં કર્મચારીઓનો વસવાટ પણ શરૂ થઈ ગયો છે. ત્યારે હાલ આવાસોના મામલે તંત્રના ચોપડે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી દિનપ્રતિદિન મોટી થતી જાય છે ત્યારે નવા આવાસોનુ ઝડપથી લોકાર્પણ થાય તે પણ અનિવાર્ય છે. ગેસ જોડાણની લાઈનનુ કામ ઝડપથી હાથ ન ધરાતા નવી આવાસ યોજનાના લોકાર્પણમાં વિલંબ થયો છે.

શહેરમાં એકબાજુ જુના અને કંગાળ સરકારી આવાસો તોડી નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. સેકટરોમાં દાયકાઓ જુના સરકારી આવાસો પૈકી મોટાભાગના રહેણાંકને લાયક ન હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. શહેરમાં ભયજનક આવાસોની સંખ્યા વિશેષ છે. સેકટરોમાં જુના અને ભચજનક મકાનો તોડવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જયારે સેકટરોમાં તંત્ર દ્વારા નવી ટાવર કોલોનીનુ નિર્માણ કરી કર્મચારીઓને સુવિધાયુક્ત કોર્પોરેટ લુક ધરાવતા નવા આવાસો પણ તબક્કાવાર ફાળવવામાં આવી રહ્યા છે. અત્યાર સુધી સે-૭ અને સે-૨૯માં

● અનુસંધાન પાન-૭ પર

# ચોમાસામાં માર્ગોના ધોવાણ બાદ પેચવર્કની કામગીરી શરૂ

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર શહેરમાં વરસાદી ઋતુના અંતે માર્ગોની દશા બેઠી છે. શહેરના મુખ્ય ઘ માર્ગનુ પણ ધોવાણ થયુ છે. જયારે સેકટરોના આંતરિક માર્ગો પણ ખરબચડા થયા છે. સેકટરોના માર્ગોને યોગ્ય કરવા માટે તંત્ર દ્વારા પેચીવર્ક કરવામાં આવી રહ્યુ છે.

## માર્ગોને થાગડ થીગડ કરાયા બાદ રસ્તાના નવા કામો હાથ ધરાશે

માર્ગોને થાગડ થીગડ કરાયા બાદ માર્ગ સુધારણાના નવા કામો હાથ ધરાશે.

ગાંધીનગર શહેરમાં વરસાદી ઋતુના અંતે રસ્તાઓની હાલત ઉબડ ખાબડ બની છે. શહેરના મુખ્ય ઘ માર્ગનુ પણ ધોવાણ થયુ છે. સેકટરોમાં આંતરિક માર્ગોનુ કામ બાકી હોવાથી કેટલાક ઠેકાણે માર્ગો સદંતર બિસ્માર હાલતમાં હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. બીજીતરફ સ્ટોર્મ વોટર લાઈનની કામગીરીના અંતે પણ રસ્તા તેમજ ફુટપાથને અસર થતા ફુટપાથ તેમજ માર્ગો કેટલાક ઠેકાણે તુટેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. આગામી દિવસોમાં માર્ગ સુધારણાનુ બાકી કામ પણ તંત્ર દ્વારા હાથ ધરાશે.

● અનુસંધાન પાન-૭ પર


GANDHINAGAR TOP OLYMPIAD

Top Education , Gandhinagar
તેમજ
Rotary Club of Gandhinagar
ની શૈક્ષણિક ક્ષેત્રે નવી પહેલ

Rotary International

For 5th to 10th Std.
(CBSE/GSEB Eng. Med.)
(ગુજરાતી મિડીયમ)

TOP Genius Awards
For 5th to 10th Std.
Maths Genius, Science Genius, English Genius, Mental Ability Genius

For 11th & 12th Std. Students
For the screening of
JEE (Main) & NEET aspirants.
(CBSE/GSEB Eng. Med.)(ગુજરાતી મિડીયમ)

TOP Genius Awards
For 11th & 12th Std.
Maths Genius, Biology Genius, Physics Genius, Chemistry Genius

Registration Fee : Rs. 100/-

Scholarship Up to
TOTAL SCHOLARSHIP OF
10 Lac*

Cash Prizes Up to
TOTAL CASH AWARDS OF
5.0 Lac* * Conditions Apply
Cash / Gifts/ Gift Vouchers
1st to 5th rank prize
(5000/- ,4000/-,3000/-, 2000/- 1000/-)
6 to 10 rank prize (500/- each)

ધોરણ 9 ,10 અંગ્રેજી અને ગુજરાતી માધ્યમના જરૂરિયાત મંદ અને તેજસ્વી વિદ્યાર્થી ઓ ને Text Book અને Foundation Course સંપૂર્ણ ફ્રી આપવામાં આવશે .

રોટરી ક્લબ ગાંધીનગર તેમજ ટોપ એજ્યુકેશન ગાંધીનગર ના સહયોગ થી કુલ ૧૦ વિદ્યાર્થી ઓ ને આ લાભ આપવામાં આવશે .

For Details
Visit personally or call :
9998536507 , 7490036507

EXAM DATE: 20 Oct'19. EXAM TIME: 2:30 TO 5:00 P.M.



**શ્રી જગતપુરા પ્રાથમિક શાળા**

મુ. જગતપુરા, તા. તલોદ, જી. સાબરકાંઠા

**જાહેર હરાજી**

તલોદ તાલુકાની જગતપુરા પ્રાથમિક શાળા મંજૂર થયેલ નોન યુઝ સિન્ટેક્ષ રૂમ-૧ની જાહેર હરાજી તા. ૧૨/૧૦/૨૦૧૯ને શનિવારના રોજ બપોરે ૧.૦૦ કલાકે જગતપુરા પ્રાથમિક શાળાના પટાંગણમાં રાખેલ છે. જાહેર હરાજીની શરતો રૂબરૂ જણાવવામાં આવશે.

સુથાર કાર્તિકકુમાર એમ.
આચાર્યશ્રી
જગતપુરા પ્રા. શાળા
તા. તલોદ

વક્તુસિંહ આર. સોલંકી
અધ્યક્ષશ્રી, એસ.એમ.સી.
જગતપુરા પ્રા. શાળા
તા. તલોદ



વિશાલ પંડ્યા (મો) ૯૮૨૪૦ ૫૯૬૩૫
કનૈયાલાલ પંડ્યા (મો) ૯૪૨૮૨ ૧૭૫૫૭
પ્રોડક્શન કંપનીના ભાવે
આકર્ષક લગ્ન કંકોત્રી
મેળવવાનું એક માત્ર સ્થળ
ૐકાર ગ્રાફીક્સ & ઝેરોક્ષ
બી-૬, બેઝમેન્ટ, શ્રીનાથ કોમ્પ્લેક્ષ,
૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર - ૨૨, ગાંધીનગર


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com